# <u>ઓટો રીક્ષામાં ફરતા રહી મુસાફરોના મોબાઇલ ચોરતી ટોળકી ઝડપાઇ</u>

તા.૦૩/૦૨/૨૦૧૭.

ઓટો રીક્ષામાં મુસાફરોની રોકડ તથા મોબાઇલની થતી ચોરીના બનાવો અંગે કાર્યવાહી માટે ઇન્સ્પેકટર આહીરે સર્વેલન્સ સ્ટાફને કામે લગાવ્યો હતો. આ દિશાની કાર્યવાહી માટે પોલીસ કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મળેલી બાતમીના આધારે સોમલાઇ હનુમાન મંદિર પાસેથી ઓટો રિક્ષા નં. જી.જે.-૫-ઝેડઝેડ-૬૭૯૧ માં ફરતા ત્રણ યુવકોને ઝડપી લીધા હતા. (૧) અલતાફ અબ્દુલ રઉફ શેખ રહે. અમન એપાર્ટમેન્ટ, શાહપોર (૨) આસીફ ઉર્ફે એકકા ગ્યાસ શેખ રહે. રઝાનગર, ભાઠેના તથા (૩) અલ્તાફખાન યાસીનખાન પઠાણ રહે. જવાહરનગર ઉમરાવાડાની અંગઝડતી લેવામાં આવતા તેમની પાસેથી જુદી જુદી કંપનીના આઠ મોબાઇલ ફોન મળી આવ્યા હતા. ૭૬.૫૦૦/- જેટલી કિંમતના આ મોબાઇલ અંગેની પુછપરછમાં તેઓ સંતોષકારક જવાબ આપી ન શકતા તેમની ધરપકડ કરાઇ હતી. કડક પુછતાછમાં આ યુવકોએ તેઓ નવી સીવીલથી ઉધના દરવાજા અને ઉધના દરવાજાથી ઉધના ત્રણ રસ્તા સુધી મુસાફરોને રીક્ષામાં બેસાડી તેમના ફોન ચોરી લેતા હોવાની કબુલાત કરી હતી. આ ત્રણ પૈકી અલ્તાફ અગાઉ કાપોદ્રા પોલીસના હાથે મોબાઇલ ચોરીના ગુનામાં ઝડપાઇ ચુકયો હોવાનું જાણવા મળે છે.